
CREATIVE માઈન્ડ્સ

સુરતીઓ પણ હવે અવનવી ફ્લેવર્સની ક્રિસમસ કેક સાથે નાતાલના તહેવારની ઉજવણી કરવા લાગ્યાં છે. ત્યારે ક્રિસમસ હોય અને કેકના હોય એવું બને ખરું !. સુરતમાં ક્રિસમસમાં ફ્રુટ કેક અને પ્લમ કેકનું ધૂમ વેચાણ તો થાય જ છે. લોકો ક્રિસમસ પર સ્વાદિષ્ટ ટેસ્ટ સાથે ક્રિસમસ ફેસ્ટિવલની વાઈબ્સ આવે તેવા કેકની ડિમાન્ડ કરવા લાગ્યાં છે. અત્યારે સુરતની કેક શોપસમાં અવનવી ક્રિસમસ કેક્સ જોવા મળી રહી છે, તે વચ્ચે હવે પેપરમિન્ટના સ્વાદવાળી અને ક્રિસમસ ટ્રીના શેપની કેક બાળકોમાં ખાસ આકર્ષણ જમાવા લાગી છે. તેના વિશે જાણીએ....



# ચોકલેટ પેપરમિન્ટ કેક અને ક્રિસમસ ટ્રી શેપની કપકેકે સુરતીઓમાં જમાવ્યું આકર્ષણ....

## ચોકલેટ પેપરમિન્ટ કેકમાં શુગર ઓછી હોય, બાળકોને પ્રિય



બાળકોને પેપરમિન્ટ ભાવે છે એટલે એના સ્વાદની કેક ક્રિસમસમાં ખાસ ટ્રેન્ડી બની ગઈ છે. આ સ્વાદિષ્ટ કેકમાં ફૂદીનાનો સ્ટ્રોંગ સ્વાદ હોય છે. તેમાં શુગર ઓછી માત્રામાં હોય છે અને એકદમ સોફ્ટ કેક હોય છે. આ કેક એકદમ ચોકલેટી બનાવવામાં આવે છે. તેને સ્પ્રિંકલ્સથી સજાવી એકદમ અટ્રેકટિવ લુકમાં બનાવાય છે. આ કેક પ્રસંગોની શોભા પણ વધારે છે. સુરતી બાળકો આવા કેકની ડિમાન્ડ તેમના પેરેન્ટ્સ સમક્ષ કરી રહ્યાં છે.

## ક્રિસમસ ટ્રીની ડિઝાઇનના કપકેક દેખાવે આકર્ષક અને ટેસ્ટી

ક્રિસમસમાં ડેકોરેટિવ ટ્રીનું ઘણું મહત્ત્વ હોય છે. આવા ટ્રીની ડિઝાઈનના કપકેક બાળકોને ખૂબ ભાવે છે. ગ્રીન કલરના બટરક્રીમથી ટ્રી બનાવાય છે અને કલરિંગ સ્પ્રિંકલ્સ અને કેન્ડીથી ડેકોરેટ કરાય છે. તેની પર ચોકલેટથી બનાવેલો સ્ટાર પણ લગાવાય છે. સુરતમાં ગીફ્ટ આર્ટિકલ્સની શૉપમાં સજાવેલા ક્રિસમસ ટ્રી દેખાય છે તે સાથે કેક શોપમાં ક્રિસમસ ટ્રી ડિઝાઈનની કપકેક આકર્ષણ જમાવવા લાગી છે.

## બુશ ડ નોએલ કેકનો વુડન લોગ જેવો આકર્ષક લુક

બુશ ડ નોએલ કેકને યૂલ લૉગ કેક પણ કહેવાય છે. તે લાકડાના ભારા જેવી દેખાય છે તેને ફેલાવીને રોલ કરી કેક બનાવાય છે. ચોકલેટ અને ક્રીમથી બનતી આ કેક તેના યુનિક શેપને કારણે દેખાવે વધારે આકર્ષક લાગે છે. આ કેકની ડિમાન્ડ પણ હવે સુરતમાં વધતી જઈ રહી છે.



# ક્રિસમસના આ ગિફ્ટ છે અનોખા: આપે છે કમ્ફર્ટની સાથે સ્ટાઇલિશ લૂક

LifeStyle Trends

વર્ષમાં હવે બીજા તહેવારોની જેમ ક્રિસમસ પણ સુરતીઓ દ્વારા ઉજવવામાં આવે છે. આ અવસર પર પોતાના ફેમિલી મેમ્બર્સ, હસબન્ડ, વાઈફને પારંપરિક ગિફ્ટ તો અપાય છે પણ સાથે હવે આ વખતે એવા અનોખા ગીફ્ટનો ટ્રેન્ડ આવ્યો છે જેમાં પ્રાચીન શૈલી અને આધુનિકતાનો સમાવેશ થઈ જાય. સ્ત્રીને મેકઅપ કરવો અને જવેલરી પહેરવાનો શોખ હોય છે. તેને મેકઅપ માટે સરળતા રહે તેવા અને ટ્રાવેલિંગ કરતી વખતે આસાનીથી ઊંચકીને લઈ જઈ શકે તેવી મેકઅપ રિલેટેડ ગીફ્ટ આપવાનું ચલણ આ વખતે જોવા મળી રહ્યું છે. હમણાં ઠંડી પણ છે તો આધુનિકતાનો સમન્વય હોય તેવા બ્લેન્કેટ પણ ઉપહાર તરીકે અપાય છે. ઘરને પ્રાચીન લુક આપે તેવી ડેકોરેટિવ વોલ હેંગીંગ ગીફ્ટ પણ માર્કેટમાં ખૂબ ખરીદવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત ક્રિસમસના કયા બીજા ઉપહાર ટ્રેન્ડી બન્યા છે તેની વિસ્તૃત વિગત...

## ટ્રાવેલિંગમાં ઉપયોગી થઈ શકે તેવું મીની વેનિટી મિરર ગીફ્ટ



મીની વેનિટી મિરર એક નાનકડું પોર્ટેબલ મેકઅપ કે ગ્રુમિંગ મિરર હોય છે. તેમાં LED લાઈટ અને મેગ્નિફાઈનિંગ ફંક્શન હોય છે. આ મિરર ખાસ તો ફિમેલ્સ ટ્રાવેલિંગ કરવાની હોય ત્યારે ગિફ્ટમાં અપાય છે. તે ઘણા આકર્ષક રંગોમાં અને ડિઝાઈનમાં મળે છે. ફિમેલ્સને ગિફ્ટમાં જવેલરી અપાય તો તે ખુશ ખુશ થઈ જાય છે. એમાં પણ જો હેન્ડમેડ જવેલરી હોય તો તે ભાવુક પણ થઈ જાય છે. કસ્ટમાઈઝડ બ્રેસલેટ, જેમસ્ટોન રિંગ, મોતીના હાર અને ઝૂમખાં આ ગીફ્ટ અત્યારે વધારે ટ્રેન્ડમાં છે.

## કપલ્સના ફોટા સાથેના LED નાઇટ લેમ્પ છે ટ્રેન્ડિંગ



કપલ્સ માટે આજકાલ મેચિંગ નાઈટ સૂટ ઘણા ટ્રેન્ડમાં છે. તે આરામદાયક પણ છે અને સ્ટાઈલિશ પણ દેખાય છે. સંબંધોમાં લગાવ બતાવતા આ નાઈટ સૂટ વેલ્વેટ, કોટન, પોલિયેસ્ટર જેવા સોફ્ટ મટિરિયલમાં આવે છે. કપલ માટે ડે એન્ડ નાઈટ ગીફ્ટ હેમપરમાં દિવસે ઉપયોગી અને રાત્રે આરામદાયક વસ્તુઓનો સમાવેશ થાય છે. જેમકે 'સનશાઈન ડે' માટે સનગ્લાસીસ, 'મૂનલાઈટ નાઈટ' માટે લેવેન્ડર એસેન્શ્યલ ઓઈલ. આ ઉપરાંત નામ અને કપલના ફોટો સાથેના LED નાઈટ લેમ્પ પણ અત્યારે ઘણા ટ્રેન્ડમાં છે. તેમાં વેડિંગ એનિવર્સરી ડેટ, જન્મ દિવસની વિગત પણ હોય છે.

## ઇલેક્ટ્રિક બ્લેન્કેટ ઠંડીથી બચાવે છે, ક્લાસિક રેડીયોનો લુક છે રેટ્રો

અત્યારે ઠંડી વધી ગઈ છે તો તમે તમારા પેરેન્ટ્સને કે અન્ય વયસ્ક વ્યક્તિઓને ક્રિસમસ ગીફ્ટ તરીકે ઈલેક્ટ્રિક બ્લેન્કેટ આપી તેમને ઠંડીથી બચાવી શકો છો. આ બ્લેન્કેટને ઈલેક્ટ્રિસીટીથી ગરમ કરાય છે તેમાં હિટિંગ તાર લાગેલા હોય છે. તે ઘણા કલર્સમાં મળતા હોવાથી દેખાવે અટ્રેકટિવ પણ લાગે છે. આ ઉપરાંત ક્લાસિક રેડિયો જેમાં બ્લૂટૂથ ફિટ કર્યા હોય તે હવે ગીફ્ટ માટે ઘણું લોકપ્રિય બન્યા છે. આમાં જુના હિન્દી ગીતો પહેલાથી જ અપલોડ કર્યા હોય છે. આ રીતે તે રેટ્રો લુક અને આધુનિકતાનું મિશ્રણ છે.






## હસબન્ડને ટેક્નોલોજીવાળા ટ્રીમર અને પ્રીમિયમ પેન ગીફ્ટ કરવાનો ટ્રેન્ડ

ક્રિસમસ ગીફ્ટ તરીકે હવે ફિમેલ્સ પોતાના હસબન્ડને સારી ટેક્નોલોજીના ટ્રીમર ગિફ્ટમાં આપવા ખરીદી રહી છે. તે ગ્રુમિંગ અને સ્ટાઈલિંગ માટે ખૂબ સરસ વિકલ્પ છે. આ ગિફ્ટથી હસબન્ડ પોતાની દાઢીને મનગમતી રીતે સેટ કરી શકે છે. જો તમારા હસબન્ડને લખવાનો શોખ હોય તો એક શાનદાર પેન ગીફ્ટ કરવાનો પણ ટ્રેન્ડ છે. જ્યારે આ પેનથી કાંઈક લખવાની શરૂઆત કરાય તો લેખન પણ યાદગાર બની જવાનું અનુભવી શકાય છે.

## ઘરે જ થિયેટરની મજા આપવા મીની પોર્ટેબલ પ્રોજેક્ટર ગીફ્ટ કરાય છે



પોર્ટેબલ મીની હોમ થિયેટર LED પ્રોજેક્ટર ઘરમાં વસાવવામાં આવે તો મોંઘા TV લેવાની જરૂરિયાત નથી રહેતી. તે બહુ મોંઘા પણ નથી હોતા અને ઘરમાં થિયેટર જેવી મજા માણવા મળે છે. ક્રિસમસ સેલિબ્રેટ કરતા મિત્રોને આ ગીફ્ટ આપવાં માટે ખૂબ પસંદ કરાઈ રહી છે. ક્રિસમસ પર ઘરનું ડેકોરેશન પણ થતું હોય એટલે ઘરને બોહેમિયન, પ્રાકૃતિક અને કલાત્મક લુક આપવા મેકેમે વોલ હેંગિંગ ગીફ્ટમાં આપવામાં આવી રહ્યાં છે. તેમાં દોરીઓ કે રસ્સીને આપસમાં ગૂંચવીને સરસ પેટર્ન બનાવાય છે, જે ઘરને પ્રાચીન લુક આપે છે.

# અક્ષરોને ઓળખવાની ક્ષમતામાં બાળકોને 'ઉન્નત' કરી રહ્યા છે ઉન્નતિ દેસાઈ

મસ્તી કી પાઠશાલા

તમને યાદ છે આમિર ખાનની ફિલ્મ 'તારે ઝમીન પે'? આ ફિલ્મમાં ઈશાન નામના બાળકને વાંચવામાં, લખવામાં અને અક્ષર ઓળખવામાં ઘણી ડિફિકલ્ટીઝ આવે છે. તેના પેરેન્ટ્સ અને તેની આસપાસના બીજા લોકો પણ ઈશાન આળસુ હોવાનું સમજે છે, પણ તેની ખરી મુશ્કેલીને તેના ટીચર આમિર ખાન સમજી જાય છે. ખાણમાંથી નીકળેલા કોલસાને હીરાની જેમ ચમકાવવામાં આવે તેમ આ બાળકની જિંદગી આમિર ખાન એવી બદલી નાખે છે કે તે બાળક ઝીરોમાંથી હીરો બની જાય છે. જોકે, ઈશાનને જન્મથી આ ડિફિકલ્ટી હતી પણ સુરતમાં એવા કેટલાંય બાળકો છે જે નોર્મલ છે પણ મોબાઈલ ફોન તેમનાથી છૂટતો નથી, પેરેન્ટ્સનું પણ બાળક પર એટેન્શન ઓછું હોય છે પરિણામે બાળકો લર્નિંગ ડિફિકલ્ટીઝ અનુભવે છે. આ બાળકો માટે આમિર ખાન જેવું જ કાંઈક ઉમદા કાર્ય સુરતના ઉન્નતિ દેસાઈ કરી રહ્યાં છે. તેઓ એવા નોર્મલ બાળકો જે વિવિધ કારણોથી નથી વાંચી શકતા કે નથી લખી શકતા તેમના જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવે છે. અક્ષરજ્ઞાનની રોશની ફેલાવવાનું આ ઉમદા કાર્ય કરવાની પ્રેરણા તેમને કઈ રીતે મળી, તેઓ એ બાળકોને કઈ રીતે અક્ષર વાંચવા, લખવાનું, સમજવાનું જ્ઞાન આપે છે, તેમના આ ભગીરથ કાર્યમાં તેમને કોનો સપોર્ટ મળે છે, શું તેઓ નિ:શુલ્ક આ કાર્ય કરી રહ્યાં છે, તેમને આવા ડિફિકલ્ટીઝવાળા બાળકોને ટ્રેન કરવામાં કેટલી સફળતા મળી છે તેના વિશે તમે આ લેખ ચોક્કસથી વાંચો...



## આ બાળકોએ બનાવ્યા ક્રિસમસ ટ્રી

આવી ડિફિકલ્ટીઝ ધરાવતા બાળકોને અક્ષર ઓળખવાની ટ્રેનીંગ આપવાની સાથે તેમની સર્જન શક્તિ ખીલવવા બીજી પ્રવૃત્તિ પણ કરાવવામાં આવે છે જેમકે, હમણાં આ બાળકોએ ક્રિસમસ ટ્રીઝ બનાવ્યા તેને સરસ રીતે ડેકોરેટ પણ કર્યા તથા સાંતાને પણ ડેકોરેટ કર્યા. ક્રિસ્મસ ને લગતી વસ્તુઓ બનાવડાવી તેનું સેલિંગ કરાયું અને તેમાંથી જે ખર્ચ બાદ કરતાં વધારાની આવક થઈ તે બાળકોને વહેંચવામાં આવી. આ આખી પ્રવ્રુત્તિ બાળકો પાસે જ કરાવવામાં આવી જેથી તેમનો કૉન્ફિડન્સ વધારી શકાય.

## બાળકોની આ ડિફિકલટીઝ આ રીતે કરાય છે દૂર

આવા બાળકોની ડિફિકલ્ટીઝ દૂર કરવા તેમને વિવિધ પ્લેટફોર્મ પર ટ્રેન કરાય છે જેમાં એક છે ઓપન સ્કૂલિંગ. જે બાળકો સ્કૂલમાં નથી જતા કે સ્કૂલ તેમને નથી સ્વીકારતી, બાળકને LC આપી દેવામાં આવતું હોય, બાળક સ્કોરલેસ હોય તેને ઓપન સ્કૂલિંગનું પ્લેટફોર્મ આપી 10મું 12મું ધોરણ ક્લિયર કરાવાય છે. વન ટૂ વન રેમેડિયલ થેરપી કરાવાય છે જેમાં 30 સેશન્સમાં લર્નિંગ ડિફિકલ્ટીઝ હોય સોલ્વ કરાય છે.

## 20થી 25 બાળકોની લાઈફમાં લાવી શક્યા ચેન્જિસ



ઈલેક્ટ્રોનિક ઈન્જીનીયર અને સ્કૂલમાં ટીચર તરીકે સેવા આપી ચૂકેલા ઉન્નતિબેનને આ ભગીરથ કાર્યમાં કેટલી સફળતા મળી છે તેવા સવાલના જવાબમાં તેમણે જણાવ્યું કે અત્યાર સુધીમાં 20થી 25 બાળકોના લર્નિંગ ડિફિકલ્ટીઝ સોલ્વ કરવામાં સફળતા મળી છે. પેરેન્ટ્સ અને સ્કૂલ એ સ્વીકારવા તૈયાર નથી હોતી કે બાળકને આ ડિફિકલ્ટીઝ છે. માતા-પિતાને બાળક હજી નાનું હોવાનું લાગતું હોવાથી તેમને લાગે છે કે બાળક હજી મોટું થશે એટલે આ પ્રોબ્લેમ સોલ્વ થશે, તો સ્કૂલ એવું માને છે કે બાળક તોફાની હોવાથી તે ભણવામાં ધ્યાન નથી આપતું. બાળક મોબાઈલ ફોનમાં બહુ રચ્યું પચ્યું રહેતું હોવાથી, માતા-પિતા ઘણીવાર બાળકો સાથે પૂરતું ઈમોશનલ કનેક્શન ન રાખતા હોવાથી નોર્મલ બાળકો પણ આવી સમસ્યા ફેસ કરે છે. હું ઓટીઝમ પીડિત બાળક, ADHD ( અટેન્શન ડેફિસિટ હાઈપરએક્ટિવિટી ડિસઓર્ડર) અને ડાઉન સિન્ડ્રોમ બાળકના લર્નિંગ પ્રોબ્લેમ સોલ્વ કરવ માટે પણ વર્ક કરું છું. બાળકની આ ડિફિકલ્ટીઝ જો જલ્દી શોધી કાઢવામાં આવે તો તેમાં આ પ્રોબ્લેમ જલ્દી સોલ્વ થઈ શકે પણ મોડું કરાય તો આ ડિફિકલ્ટીઝ દૂર કરવામાં સમય વધારે જતો હોય છે. મારી સાથે ચાર ટીચરની ટિમ જોડાયેલી છે. 12માં ધોરણ સુધીના બાળકોને ટ્યુશન કરાવું તેમાંથી થતી આવક આ બાળકોને ટ્રેન કરવા ઉપયોગમાં લઉ છું.





## નોર્મલ બાળકોમાં લર્નિંગ ડિફિકલ્ટીઝ કઇ રીતે શોધાય છે?


સ્કૂલોમાં તો એક કલાસ રૂમમાં ઘણા બાળકો હોય છે તેમાંથી વાંચવા કે લખવામાં તકલીફ હોય તેવા બાળકોને કઈ રીતે શોધી કાઢવામાં આવતા હશે તેવો સવાલ થવો સ્વાભાવિક છે. આવા નોર્મલ બાળકોમાં જે બાળકની નોટબુક ઈનકમ્પ્લીટ હોય, હોમવર્ક અધૂરું હોય, બાળક નૉન કો-ઓપરેટિવ હોય, કલાસમાં ધ્યાન નથી આપતું, ઓરલી આન્સર નથી આપી શકતું, પરીક્ષામાં ઓછા માર્ક્સ આવતા હોય તેવા બાળકોમાં લર્નિંગ ડિસેબીલીટી કે લર્નિંગ ડિફિકલ્ટીઝ જણાતી હોય છે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

# ભલે હોય અશુભ ઘડી કે કમુહૂર્ત, અમારે તો ઈચ્છીએ ત્યારે છે મુહૂર્ત...




છીએ અમે એનઆરઆઈ, રહીએ ભલે અમે વિદેશ, પણ લગ્ન કરીશું તો ધાર્મિક વિધિથી જઈને અમારે દેશ... વિદેશમાં અમે પહેરીએ ટાઈ અને સુટ, પણ દેશમાં તો લગ્નમાં પારંપરિક કપડાં પહેરીને જ કરાવીએ અમે શુટ... ડીજે પર વગાડીએ 'યો યો હનીસિંગ' અને કાઢીએ જાન, કરીએ લખલૂંટ ખર્ચ અને પતાવીએ લગ્ન રાખીને વિધિનું માન... બેસી જતાં હોય કમુહૂર્ત અને આવતી હોય અશુભ ઘડી, પણ અમારે માટે જે ઈચ્છીએ તે છે લગ્નની ઘડી...